**JUDGEMENT** **CC No.556-2025**

| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૧૮/૧૧/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | ૧૮/૧૧/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૦** | **૦૭** | **૨૩** |

**<u>ફોર્મ–એ</u>**

| | |
|---|---|
| **પડધરીના મે. પ્રિન્સિપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, તા.પડધરી, જી.રાજકોટ.**<br>**ક્રિમીનલ કેસ નં.556/2025**<br>**આંક–** | |
| **પડધરી પો. સ્ટે. ગુ. રજી. નં.૧૧૨૧૩૦૪૨૨૫૦૫૬૪/૨૦૨૫** | |
| **પ્રોહીબીશનની કલમ–૬૫(એ)(એ),(બી), (સી), (ડી), (એફ)** | |
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે | **વિદ્વાન એ.પી.પી શ્રી ડાૅ.જી.એ.ઠાકર.** |
| આરોપી | **વિશ્વજીત માવજીભાઈ ડોડીયા,**<br>રહે.મોટા રજપુતવાસ, તા.પડધરી, જી.રાજકોટ. |
| આરોપીપક્ષ તરફે | **વિ. વ. શ્રી બી.કે.ત્રીવેદી.** |

**<u>ફોર્મ–બી</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૪/૦૯/૨૦૨૫ |
| પ્રથમ બાતમી અહેવાલની તારીખ | ૨૪/૦૯/૨૦૨૫ |
| આખરી અહેવાલ રજુ થયાની તારીખ | ૧૮/૧૧/૨૦૨૫ |
| પ્લી/તહોમતનામું ઘડ્યાની તારીખ | ૧૮/૧૧/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૦૪/૧૨/૨૦૨૫ |
| ચુકાદા માટે અનામત રાખ્યાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | ––––––––– |

પોતાનુ નામ વિશ્વજીત માવજીભાઇ ડોડીયા રહે.પડધરી મોટા રજપુતવાસ તા.પડધરી જી.રાજકોટ વાળો હોવાનુ જણાવેલ અને તેની બાજુમાં પથ્થરના ચુલા ઉપર પતરાનો એક ટીપ અને જેના પર એક તપેલુ ચડાવેલ જેમાં ગરમ પાણી ભરેલ હોય જે નીચે ઉતારી જોતા ટીપ એક થાળી વટે પાઇપથી પ્રવાહી નીચે પ્લાસ્ટીકના કેનમાં પડતુ તથા ટીપમાં જોતા પીળા કલરનો ગરમ આથો ઉકળતો હોય અને આ નળી સ્ટીલની થાળી વાટે દેશીદારૂ કેનમાં પડતો હોય જે પતરાની ટીપમાં પીળા રંગનું પ્રવાહિ ભરેલ જે પ્રવાહી પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાત્રી કરતા કરાવતા દેશી પીવાનો દારૂ બનાવાનો ગરમ આથાની તીવ્ર વાસ આવતી હોય જેથી મજકુર ઇસમને આવુ પ્રવાહી ભઠ્ઠી ચલાવવા બાબતે પાસ પરમીટ કે આધાર હોય તો રજુ કરવાનુ કહેતા પોતાની પાસે પાસ પરમીટ કે આધાર ન હોવાનુ જણાવેલ જેથી ટીપ માથી થોડો આશરે ૨૦૦ એમ.એલ જેટલો ગરમ આથો એક સેમ્પલ બોટલમા ભરી તેના પર પંચોની સહી વાળી કાપલી મુકી બોટલને લાખ દોરા વડે પો.ઈન્સ.પડધરીના હોદ્ધાથી શીલ કરી તેની કી.રૂ.૦૦/૦૦ ગણી સેમ્પલ બોટલને એફ.એસ.એલ. તપાસણી અર્થે પંચનામાની વીગતે કબ્જે કરેલ અને બાકીનો ગરમ આથો આશરે લીટર-૧૦ કિ.રૂ ૨૫૦/- નો ગણી સ્થળ પર ઢોળી ફોળી નાશ કરેલ તેમજ તપેલાની કિ.રૂ.૨૦/- ગણી તથા નળી કી.રૂ-૦૦/૦૦ ગણી તથા સ્ટીલની થાળીની જેની કી.રૂ.૨૦/- ગણી કબ્જે કરેલ તેમજ પ્લાસ્ટીકના કેનમા આશરે-૦૩ લીટર જેવુ પારદર્શક પ્રવાહી જોવામા આવેલ જે પ્રવાહી પંચો રૂબરૂ સુંઘી સુઘાડી જોતા તેમાંથી દેશી દારૂની ખાટી અને તીવ્ર વાસ આવતી હોય જેથી તેમાંથી આશરે ૨૦૦ એમ.એલ.જેટલુ દેશી દારૂ જેવુ પ્રવાહી એક સેમ્પલ બોટલમા ભરી તેના પર પંચોની સહી વાળી કાપલી મુકી બોટલને લાખ દોરા વડે પો.ઈન્સ.પડધરીના હોદ્ધાથી શીલ કરી તેની કી.રૂ.૦૦/૦૦ ગણી સેમ્પલ બોટલને એફ.એસ.એલ. તપાસણી અર્થે પંચનામાની વીગતે કબ્જે કરેલ તેમજ પ્લા.ના કેનમાં રહેલ દેશીદારૂ લીટર આશરે-૦૩ જેની કી.રૂ.૬૦૦/- ગણી પંચનામાની વીગતે કબ્જે કરેલ છે અને આ કામે અમોએ પો.સ્ટેમાં પ્રોહી ગુન્હો રજી કરવા રીપોર્ટ સાથે ફરીયાદ આપેલી જે રજુ કરુ છુ જેમાં મારી સહી છે જે હુ ઓળખુ છુ જેને અનુક્રમે

